# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**મહેમદાવાદના વાંઠવાળી ગામે 1980ના દાયકામાં સરકારે વળતર આપી સંપાદિત કરેલી જમીન રેકર્ડ પર ન ચઢતા તેનો ગેરલાભ ઉઠાવી બારોબાર વેચી દેવાઇ**

# સિંચાઈ વિભાગની કરોડોની જમીન બારોબાર વેચી દેવાઈ

**કલેક્ટરે રચેલી** એસઆઈટીની તપાસ બાદ 8 શખ્સો સામે ગુનો નોંધાયો

**કૌભાંડના માસ્ટર** માઈન્ડ શિક્ષક અને નિષ્કાળજી દાખવનાર તલાટી સસ્પેન્ડ કરાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે સિંચાઈ વિભાગની માલિકીની બ્લોક નંબર 836 અને 845 વાળી જમીનમાં મોટું જમીન કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. સરકાર દ્વારા 1980 ના દાયકામાં વળતર ચૂકવીને સંપાદિત કરેલી જમીન સરકારી ચોપડે ન ચઢતા તેનો ગેરલાભ લઈને કેટલાક શખ્સોએ વેચાણ દસ્તાવેજ કરી માર્યા છે. આ પ્રકરણમાં જિલ્લા કલેક્ટરના આદેશથી SIT તપાસ સોંપાયા બાદ પિયુષ ગોવનભાઈ દેશમુખે મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.



### પચાવેલી જમીન પર સરકારી મકાનો તોડી પાડ્યા

આરોપીઓએ માત્ર જમીન વેચી એટલું જ નહીં, પરંતુ જમીન પર આવેલી સિંચાઈ વિભાગની સેક્શન કોલોનીના જર્જરિત મકાનો અને કંપાઉન્ડ વોલ પણ કોઈપણ પરવાનગી વગર તોડી પાડી હતી. સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડી જમીનનો કબજો લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે બાબતે પણ અલગથી ગુનો નોંધાયો છે.

મહેમદાવાદના વાંઠવાળી ગામે બ્લોક નંબર 836 અને 845 વાળી અંદાજે 4,803 ચોરસ મીટર જમીન વર્ષ 1979-80 માં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા સંપાદિત કરવામાં આવી હતી. આ જમીન સંપાદન કર્યા બાદ તેના પર સિંચાઈ વિભાગની સેક્શન કોલોની અને સ્ટાફ ક્વાર્ટર્સનું બાંધકામ પણ કરવામાં આવ્યું હતું, જેનો વર્ષો સુધી સરકારી ઉપયોગ થતો રહ્યો હતો. જોકે, દસ્તાવેજી દુરસ્તી અને મહેસૂલી રેકર્ડના સંચાલનમાં તંત્રની ઘોર બેદરકારીને કારણે 7/12 ના ઉતારામાં સરકાર કે સિંચાઈ વિભાગનું નામ ચઢાવવામાં આવ્યું નહોતું. આ વહીવટી ખામીનો ગેરલાભ ઉઠાવીને મૂળ માલિકના વારસદારો ફુલાબેન પરમાર, ભરતકુમાર પરમાર અને અન્ય શખ્સોએ મેલી મુરાદ સાથે આ જમીન પોતાની હોવાનું દર્શાવી વારસાઈ નોંધો મંજૂર કરાવી લીધી હતી. ત્યારબાદ, આ જમીન પચાવી પાડવાના ઈરાદે રાજકીય વગ ધરાવતા મોટા માથા અને ખાનગી વ્યક્તિઓને કરોડો રૂપિયામાં વેચી મારી હોવાનું બહાર આવ્યું છે. જમીન ખરીદનાર પક્ષે પણ ત્યાં સરકારી મકાનો અને કંપાઉન્ડ વોલ અસ્તિત્વમાં હોવાનું સ્પષ્ટ જણાતું હોવા છતાં, કોઈ પણ પ્રકારની તપાસ કર્યા વગર ગેરકાયદેસર રીતે સોદો પાર પાડ્યો હતો. આ સમગ્ર પ્રકરણમાં માસ્ટર માઈન્ડ મનાતા કેશરા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક આશિષ પટેલે પડદા પાછળ રહીને દસ્તાવેજી ખેલ રચ્યા હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે.

આ મામલો જિલ્લા કલેક્ટર સુધી પહોંચતા તાત્કાલિક SIT ની રચના કરવામાં આવી હતી, જેના રિપોર્ટના આધારે મહેમદાવાદ પોલીસે 8 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધતા ચકચાર મચી ગઈ છે. આરોપીઓએ જમીન પરનો કબ્જો મેળવવા માટે ત્યાં સ્થિત જૂના સરકારી મકાનો અને દીવાલો પણ તોડી પાડી સરકારી મિલકતને મોટું નુકસાન પહોંચાડ્યું છે. બીજી તરફ, ખેડા જિલ્લા વિકાસ અધિકારીએ ફરજમાં નિષ્કાળજી દાખવી હોવાના પ્રાથમિક તારણ પરથી વાંઠવાળીના તલાટી કમ મંત્રી નીતિન હથિવાલાને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરી દીધા છે. તલાટી પર આરોપ છે કે તેઓએ રેકર્ડની પૂરતી ખરાઈ કર્યા વગર જ વારસાઈ નોંધો મંજૂર કરી કૌભાંડીઓને રસ્તો કરી આપ્યો હતો. હાલમાં પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



### તલાટીને નોટિસ વગર સસ્પેન્ડ કરાતા વિવાદ

વાંઠવાળીના તલાટી નીતિન હથિવાલાને આ પ્રકરણમાં સીધા જ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વહીવટી વર્તુળોમાં એવી ચર્ચા છે કે ઉપરના અધિકારીઓની ભૂલનો ભોગ નાના કર્મચારીને બનાવવામાં આવ્યો છે. તલાટીને પોતાની રજૂઆત કરવાની તક આપ્યા વગર જ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

### મોટા અજગરોને બચાવવા નાની માછલીઓનો ભોગ લેવાયો?

વાંઠવાળી જમીન કૌભાંડમાં જે રીતે માત્ર તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેને લઈને અનેક સવાલો ઉભા થયા છે. સ્થાનિક સ્તરે એવી પ્રબળ ચર્ચા છે કે, કરોડોની જમીન જ્યારે બારોબાર વેચાતી હોય ત્યારે માત્ર તલાટી જ નહીં, પરંતુ વારસાઈની નોંધો મંજૂર કરનારા નાયબ મામલતદાર અને મામલતદારની ભૂમિકા પણ અત્યંત શંકાસ્પદ જણાય છે. ઉચ્ચ અધિકારીઓની રહેમનજર વગર આટલું મોટું કૌભાંડ શક્ય નથી, છતાં 'મોટા અજગરો'ને બચાવવા માટે માત્ર નાની માછલી સમાન તલાટીનો ભોગ લેવાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો SIT દ્વારા આ મામલે તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય ઓથ ધરાવતા મોટા માથાઓના ખેલ ખુલ્લા પડે તેમ છે.

### રેકર્ડ દુરસ્તીમાં તંત્રની 46 વર્ષની ઘોર બેદરકારી

જમીન સંપાદન અધિનિયમ હેઠળ વર્ષ 1979-80 માં જમીન સંપાદિત થઈ હોવા છતાં, છેક 2025 સુધી મહેસૂલી રેકર્ડ એટલે કે 7/12 અને 8-અ માં સરકારનું નામ ચઢાવવા માટે કોઈ દરખાસ્ત કે હુકમની અમલવારી કરવામાં આવી નહોતી. નિયમ મુજબ સંપાદન અધિકારીએ એવોર્ડ જાહેર કર્યા બાદ તરત જ હક્ક પત્રકમાં ફેરફાર નોંધ પાડવાની હોય છે, પરંતુ અહીં સાડા ચાર દાયકા સુધી સરકારી કાગળો ધૂળ ખાતા પડ્યા રહ્યા હતા, જેનો સીધો લાભ આરોપીઓએ ઉઠાવ્યો છે.

### કિંમતી સરકારી સેક્શન કોલોનીનું અસ્તિત્વ ભૂંસી નખાયું

વાંઠવાળીની જમીન પર સિંચાઈ વિભાગની સેક્શન કોલોની અને સ્ટાફ ક્વાર્ટર્સ આવેલા હતા. આરોપીઓએ આ મકાનોને તોડી પાડી માત્ર જમીન જ નહીં પરંતુ લાખોની કિંમતના સરકારી બાંધકામને પણ નુકસાન પહોંચાડ્યું છે. એફઆઈઆર મુજબ, આ જમીન પર આવેલી કંપાઉન્ડ વોલ અને મકાનો તોડી પાડીને જમીન સપાટ કરી દીધી હતી, જેથી કરીને ખરીદનાર પક્ષને તે 'ખાલી પ્લોટ' તરીકે બતાવી શકાય અને કાયદાકીય ગૂંચ ટાળી શકાય.

---

**નડિયાદના મોકમપુરામાં જમીન અને પારિવારિક કંકાસમાં પિતાએ પુત્રનો ભોગ લીધો**

# પિતાએ જ પુત્રનું ઢીમ ઢાળી દીધું

**પુત્રને ચક્કર આવ્યા** હોવાનું બહાનું બતાવી ગુનો છુપાવવાનો પ્રયાસ નિષ્ફળ

(પ્રતિનિધિ દ્વારા) નડિયાદ, તા.8

નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોકમપુરા ગામે શેઢી નદીના કિનારે પિતાએ જ પોતાના પુત્રની કરપીણ હત્યા કરી હોવાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પારિવારિક અદાવત અને જમીન બાબતે ચાલી રહેલા વિખવાદમાં પિતાએ પોતાના જ પુત્રના માથામાં ઘાતકી હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ મામલે મૃતકની પત્ની તારાબેન ચૌહાણે પોતાના સસરા પ્રતાપસિંહ ચંદુભાઈ ચૌહાણ વિરુદ્ધ ફરિયાદ આપી હતી.

નડિયાદ ગ્રામ્ય પોલીસની ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત 6 જાન્યુઆરી 2026ના રોજ સાંજે કમલેશભાઈ નદી કિનારે કુદરતી હાજતે જવા નીકળ્યા હતા. તેમની પાછળ તેમના પિતા પ્રતાપસિંહ પણ ગયા હતા. થોડી વાર બાદ કમલેશભાઈની બૂમ સંભળાતા પરિવારના સભ્યો ત્યાં દોડી ગયા હતા, પરંતુ આરોપી પિતાએ 'હું તપાસ કરી આવું છું' તેમ કહી પરિવાર પાસેથી બેટરી અને લાકડી લઈ લીધી હતી અને તેમને આગળ વધતા અટકાવ્યા હતા. જોકે, પ્રતાપસિંહે પોતાનો ગુનો છુપાવવા માટે પુત્રને ચક્કર આવ્યા હોવાનું બહાનું બતાવ્યું હતું અને તેને ખાનગી વાહનમાં સારવાર માટે લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા પહેલા જ કમલેશભાઈનું મોત નીપજ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે મૃતકના માથાના ભાગે 3 થી 4 જેટલા ગંભીર ઘા વાગ્યા હતા, જેના કારણે તેનું મોત થયું હતું. આ ઘટના બાદ આરોપીએ બીજા રસ્તેથી ઘરે આવી પોતાની હાજરી છુપાવવાનો અને પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ પણ કર્યો હતો. હાલમાં, નડિયાદ રૂરલ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

### ઘરકંકાસ- છૂટાછેડાનું દબાણ હત્યાનું કારણ બન્યું

હત્યા પાછળનું મુખ્ય કારણ ઘરકંકાસ હોવાનું બહાર આવ્યું છે. અગાઉ સસરાના ત્રાસને કારણે કમલેશભાઈના નાના ભાઈ અને તારાબેનની નાની બહેનના છૂટાછેડા થઈ ગયા હતા. બાદમાં કમલેશ અને તારાબેન વચ્ચે પણ છૂટાછેડા કરાવવા દબાણ કરતા હતા, પરંતુ કમલેશે તેનો ઇનકાર કરતા પિતા રોષે ભરાયા હતા. આ ઉપરાંત, કાકા સસરા સાથેના સારા સંબંધો પણ આરોપી પિતાને પસંદ નહોતા.

## નડિયાદમાં સોનાના દોરાની ચીલઝડપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

નડિયાદના પીપલગ રોડ પર રહેતા રમીલાબેન જોષી (ઉ.વ.62) ગત ૩ જાન્યુઆરીના રોજ પરિવાર સાથે પૌત્રની બાધા પૂરી કરવા મંદિરે ગયા હતા. બપોરના સુમારે જ્યારે તેઓ સાત ગાદીની જાળી પાસે દર્શન કરી રહ્યા હતા, ત્યારે એક અજાણી મહિલાએ તેમના ગળામાંથી અંબાજી માતાના પેન્ડલ વાળો આશરે 2 તોલાનો સોનાનો દોરો તોડી લીધો હતો. આ સમગ્ર ઘટના મંદિરના CCTV ફૂટેજમાં કેદ થઈ છે, જેમાં 40થી 45 વર્ષની એક મહિલા રમીલાબેનના ગળામાંથી દોરો તોડતી સ્પષ્ટ જણાય છે. ચોરાયેલા આ સોનાના દોરાની અંદાજિત કિંમત રૂ.50 હજાર છે. આ અંગે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

**સાળંગપુર દર્શન કરી પરત ફરતા વડોદરાના ચાર મિત્રોને અકસ્માત નડ્યો**

# આંકલાવ પાસે ટ્રક પાછળ કાર ઘુસી જતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) આંકલાવ તા.8

વડોદરાથી સાળંગપુર હનુમાનજીના દર્શન કરવા ગયેલા ચાર મિત્રો દર્શન કરીને પરત ફરી રહ્યાં હતાં. તેઓ આસોદર-વાસદ રોડ પર રેલવે બ્રિજ પાસે તેમની કાર આગળ જતી ટ્રક પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કાર ચલાવી રહેલા 24 વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે કારમાં સવાર અન્ય ત્રણને ઈજાઓ પહોંચી છે.

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા અને ભરૂચની ખાનગી કંપનીમાં નોકરી કરતા પિયુષભાઈ ઈશ્વરભાઈ ક્પ્તાન અને તેમના સાથી કર્મચારી સૌરવસિંહ અક્ષયસિંહ પરમાર ગાઢ મિત્રો હતા. તેઓ 4થી જાન્યુઆરીના રોજ રાત્રે અન્ય બે મિત્રો રાહુલ લાલાવાણી અને તેમની મંગેતર રૂચીબેન સાથે કારમાં સાળંગપુર દર્શન કરવા ગયા હતાં. જ્યાંથી 5મી જાન્યુઆરીના રોજ દર્શન કરીને પરત ફરી રહ્યાં હતાં. આસોદરથી વાસદ તરફ જતા રેલવે બ્રિજ પાસે કાર આગળ જતી ટ્રક પાછળ ધડાકાભેર અથડાવી દીધી હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે સૌરવસિંહ કારની બહાર રોડ પર ફંગોળાયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતને પગલે રોડ પર રાહદારીઓના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તત્કાલ વડોદરાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સૌરવસિંહ અક્ષયસિંહ પરમાર (ઉ.વ.24)ને તબીબોએ મૃત જાહેર કર્યા હતાં. આ બનાવ અંગે પિયુષભાઈ ક્પ્તાને અકસ્માત સર્જનાર કાર ચાલક સૌરવસિંહ સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

---

# રાસનોલ પાસે 2.64 લાખનો વિદેશી દારૂ અને કાર પકડાઈ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.8

ખંભોળજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે રાસનોલ ગામમાં દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, રીઢો બુટલેગર ફરાર થઇ ગયો હતો.

ખંભોળજ પોલીસ ઈન્સ્પેક્ટર વી.આર. ઉલ્વાના માર્ગદર્શન હેઠળ જ્યારે પોલીસની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે કોન્સ્ટેબલ કુલદીપસિંહને ટેલિફોનિક બાતમી મળી હતી કે, રાસનોલનો શૈલેશભાઈ મનુભાઈ પરમાર ઘોડીવારૂ ચાર રસ્તા પાસે પોતાની કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તુરંત રેઈડ કરતા શૈલેશ પરમારની કાર (નંબર જીજે 06 ઈડી 5799) અને તેની પાસેની અવાવરુ જગ્યાએથી વિદેશી દારૂના કુલ 55 બોક્સ મળી આવ્યા હતા. આ પકડાયેલા દારૂની કિંમત રૂ. 2.64 લાખ અને કારની કિંમત રૂ. એક લાખ ગણી પોલીસે કુલ રૂ. 3.64 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અલબત્ત, શૈલેશ પરમાર ખેતરોમાંથી નાસી જવામાં સફળ રહ્યો હતો. શૈલેષ અગાઉ પણ પ્રોહિબિશનના ગુનામાં પકડાઈ ચૂક્યો છે,. હાલ પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધીને તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# આણંદમાં 3.48 લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે મધ્યપ્રદેશની મહિલા ઝડપાઈ

**રીક્ષાની આડમાં** છુપાયેલા મહિલાના થેલામાંથી 116 ગ્રામ નશાકારક પદાર્થ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ શહેરમાં નશાકારક પ્રવૃત્તિઓને ડામવા માટે એસઓજી પોલીસે લાલ આંખ કરી છે. નવા બસ સ્ટેશન પાસે રસ્તે રઝળતી અને ડ્રગ્સનો જથ્થો લઈને ફરતી એક મહિલા અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે જાળ બિછાવી હતી. આ ઓપરેશન દરમિયાન 3.48 લાખની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સ સાથે એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે, જે હાલ પોલીસ રિમાન્ડ હેઠળ છે.

આણંદ એસઓજી પોલીસ જ્યારે ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા માટે કાર્યરત હતી, ત્યારે તેમને બાતમી મળી હતી કે એક મહિલા નશાકારક સામાન સાથે નવા બસ સ્ટેશન વિસ્તારમાં ફરી રહી છે. આ બાતમીના આધારે એસઓજીએ મહિલા પોલીસ અધિકારીઓને સાથે રાખીને વ્યૂહાત્મક પ્લાન તૈયાર કર્યો હતો. પોલીસ અધિકારીઓ અને જવાનોએ નવા બસ સ્ટેશન અને સરદાર બાગ વિસ્તારમાં છુટાછવાયા ગોઠવાઈને વોચ રાખી હતી. જેની તપાસ દરમિયાન, સરદાર બાગ પાસે ઉભી રહેલી રિક્ષાઓની આડમાં બાતમી મુજબના વર્ણન વાળી એક મહિલા શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. પોલીસે તેને કોર્ડન કરીને પુછપરછ કરતા તેણે પોતાનું નામ મંજુ જગદીશ ભુરીયા (રહે. બેડાવા, ઝાબુઆ, મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે જ્યારે મહિલાના જાંબલી કલરના થેલાની જડતી લીધી, ત્યારે તેમાંથી 116.270 ગ્રામ પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું, જેની કિંમત અંદાજે 3,48,810/- આંકવામાં આવી છે.

પોલીસે આ નશાકારક મુદ્દામાલ કબજે કરી મહિલા વિરુદ્ધ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, કોર્ટે આરોપી મહિલાના 12-01-2026 સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે જેથી આ ડ્રગ્સના નેટવર્ક પાછળના અન્ય સાગરીતો સુધી પહોંચી શકાય.

# લુણાવાડા પાસે બે બાઈક અથડાતા એકનું કરુણ મોત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.8

લુણાવાડાના વીરણીયા પાટીયા પાસે બે મોટરસાયકલો વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

લુણાવાડા ખાતે રહેતા અને મોટર રિવાન્ડીંગ તેમજ હોન્ડા મશીન રિપેરિંગની દુકાન ચલાવતા સુરેશભાઇ શાંતિલાલ પટેલ ગત 7મી જાન્યુઆરી, 2026ના રોજ કોઈ કામ અર્થે પોતાની મોટરસાયકલ લઈને દુકાનેથી નીકળ્યા હતા. દરમિયાન, વીરણીયા પાટીયા પાસે વીરણીયા ચોકડીથી દેવ ચોકડી તરફ જતા માર્ગ પર સામેથી પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતી એક મોટરસાયકલે સુરેશભાઈની બાઈક સાથે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે, સુરેશભાઈને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તેમને તાત્કાલિક સારવાર અર્થે લુણાવાડાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત અંગે મૃતકના ભાઈ હરિભાઈ શાંતિભાઈ પટેલે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે અકસ્માત સર્જનાર મોટરસાયકલ નંબર MP45 ZF 1002 ના ચાલક વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

---

# ખેડા જિલ્લામાં એક વર્ષમાં 4369 મહિલાએ અભયમની મદદ લીધી

**'અભયમ' 181** મહિલા હેલ્પ લાઇન આશીર્વાદરૂપ બની

(પ્રતિનિધિ) ખેડા તા.7

ખેડા જિલ્લામાં 'અભયમ' 181 મહિલા હેલ્પ લાઈન આશીર્વાદરૂપ બની છે. વર્ષ 2025માં 4369 મહિલાઓની મદદે ટીમ પહોંચી છે. ખેડા જિલ્લામાં ઘરેલુ હિંસાના સૌથી વધુ 2288 કિસ્સા નોંધાયાં હતાં, જેમાં 839 કેસમાં 'અભયમ' રેસક્યું વાન દ્વારા સ્થળ પર જ મદદ અને બચાવકાર્ય કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને ઈ.એમ. આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત 'અભયમ' 181 મહિલા હેલ્પ લાઈન ખેડા જિલ્લાની પીડિત મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ માટે એક 'સાચી સહેલી' સાબિત થઈ રહી છે,. વર્ષ 2025 દરમિયાન ખેડા જિલ્લામાં મુશ્કેલીમાં મુકાયેલી અનેક મહિલાઓએ આ હેલ્પલાઈનનો સહારો લીધો હતો. જેમાં તેમને




કાઉન્સિલિંગથી માંડીને સ્થળ પર બચાવ સુધીની કામગીરી પૂરી પાડવામાં આવી હતી.

ખેડા જિલ્લામાં નોંધાયેલા કિસ્સાઓની વિગત વર્ષ 2025 દરમિયાન ખેડા જિલ્લામાંથી કુલ 4369 જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવ્યા હતા,. જેમાંથી 839 કિસ્સાઓમાં 'અભયમ' રેસક્યું વાન દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત, 499 કિસ્સાઓમાં સફળતાપૂર્વક સમાધાન કરાવવામાં આવ્યું હતું અને 297 મહિલાઓને વધુ સહાય માટે અન્ય બચાવ એજન્સીઓ પાસે રિફર કરવામાં આવી હતી. અલબત્ત, જિલ્લામાં નોંધાયેલા વિવિધ કિસ્સાઓમાં સૌથી મોટો હિસ્સો ઘરેલુ હિંસાનો જોવા મળ્યો છે.

નડિયાદમાં 'અભયમ'ની સેવા ઉપલબ્ધ ખેડા જિલ્લાની કોઈપણ જરૂરિયાતમંદ મહિલા નડિયાદમાં સંતરામ શાકમાર્કેટ પોલીસ સ્ટેશન તથા મહિલા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલી 181ની ઓફિસનો સંપર્ક કરી શકે છે. આ કામગીરીમાં જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓનો પણ મોટો સહયોગ સાંપડી રહ્યો છે.

### ઘરેલુ હિંસા - માનસિક સતામણીના સૌથી વધુ કેસ

**ઘરેલુ હિંસા:** 2288 કોલ
**શારીરિક, માનસિક અને જાતીય હેરાનગતી:** 738 કોલ
**લગ્ન જીવનના વિખવાદો:** 219 કોલ
**કાયદાકીય માર્ગદર્શન:** 74 કોલ
**અન્ય:** કસ્ટડીના 98, પરિવાર છોડેલા 74 અને બિનજરૂરી મેસેજથી હેરાનગતીના 31 કિસ્સાનો સમાવેશ થાય છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા,**
**આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ**
**ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**